



# શાલિગ્રામ બ્રેસલેટના ફાયદા:

## સાક્ષાત્ વિષ્ણુ-ભગવાનને તમારી સાથે રાખો

1. આધ્યાત્મિક શાંતિ અને શક્તિ : શાલિગ્રામ બ્રેસલેટ પહેરવાથી આપોઆપ મળી જાય છે.
2. ભગવાન વિષ્ણુનો આશીર્વાદ : આ બ્રેસલેટ પહેરનાર પર વિષ્ણુ ભગવાનની કૃપા રહે છે, જે જીવનમાં સુખ-સમૃદ્ધિ લાવે છે.
3. નકારાત્મક ઊર્જાથી રક્ષણ : શાલિગ્રામ એક શક્તિશાળી પવિત્ર પથ્થર હોવાથી તે નકારાત્મક ઊર્જા અને ખરાબ પ્રભાવોથી બચાવે છે.
4. આરોગ્યમાં સુધારો (માન્યતા મુજબ) : મનનો તણાવ ઘટે છે, બ્લડ પ્રેશર અને ચિંતા જેવી સમસ્યામાં રાહત મળે છે.
5. આર્થિક અને કૌટુંબિક સુખ : ઘરમાં શાંતિ અને સમૃદ્ધિ વધે છે, આર્થિક સ્થિતિ સુધારવામાં મદદરૂપ બને છે.
6. પાપનો નાશ અને પુણ્યવૃદ્ધિ : ધાર્મિક માન્યતા મુજબ શાલિગ્રામ ધારણ કરવાથી પાપ ઓછાં થાય છે અને પુણ્ય વધે છે.

રોજ પ્રાર્થના કે "ૐ નમો ભગવતે વસુદેવાય"મંત્ર બોલવો વધુ શુભ માનવામાં આવે છે.

***



> શાલિગ્રામ ભગવાનને વિષ્ણુ ભગવાનનું સ્વરૂપ માનવામાં આવે છે. શાલિગ્રામનું બ્રેસલેટ પહેરવું ધાર્મિક અને આધ્યાત્મિક રીતે ખૂબ શુભ માનવામાં આવે છે

**સ્ફટિક બ્રેસલેટના મુખ્ય ફાયદા સ્ફટિક(Crystal / Quartz)નું બ્રેસલેટ ધારણ કરવું** -- હિંદુ ધર્મ અને આધ્યાત્મિક દૃષ્ટિએ ખૂબ શુભ માનવામાં આવે છે. તેને "શુદ્ધતા અને શાંતિનું પ્રતીક"કહેવામાં આવે છે. ખાસ કરીને તેને Quartz Crystal તરીકે ઓળખવામાં આવે છે.

**જડીબુટ્ટી**

**નજુમી**

1. મનની શાંતિ અને તણાવ ઘટાડે : સ્ફટિક મનને શાંત કરે છે. ગુસ્સો, ચિંતા અને ટેન્શન ઓછું થાય.

2. પોઝિટિવ એનર્જી વધારે છે : નકારાત્મક ઊર્જા દૂર કરે. આસપાસ સકારાત્મક વાતાવરણ બનાવે.

3. એકાગ્રતા અને બુદ્ધિ વધારે છે : ધ્યાન (Meditation) માટે ખૂબ ઉપયોગી નિર્ણય લેવાની ક્ષમતા સુધરે.

4. આરોગ્ય માટે લાભદાયક : શરીરની ઊર્જા બેલેન્સ કરે, માથાનો દુખાવો અને થાકમાં રાહત આપી શકે.

5. ધન અને સમૃદ્ધિ માટે શુભ : વેપાર/નોકરીમાં સ્થિરતા લાવે. લક્ષ્મીપ્રાપ્તિ માટે શુભ માનવામાં આવે છે.

6. આધ્યાત્મિક વિકાસ : પૂજા-પાઠમાં ઉપયોગ કરવાથી વધુ ફળ મળે. ચક્ર (Energy centers) બેલેન્સ કરવામાં મદદરૂપ થાય છે.

**કોણે પહેરવું જોઈએ?**

કોઈ પણ વ્યક્તિ પહેરી શકે છે. ખાસ કરીને જે લોકો તણાવમાં હોય, ડિપ્રેશન કે અસંતુલન અનુભવતા હોય.

**કેવી રીતે પહેરવું જોઈએ?**

સોમવાર અથવા શુક્રવારે પહેરવું શુભ ગણાય.
પહેલાં ગંગાજળ અથવા શુદ્ધ પાણીથી ધોઈ લો.
"ૐ નમઃ શિવાય"મંત્ર બોલીને ધારણ કરો.

# જીવન વેરણ-છેરણ કરતો કુંડળીમાં શાપિત દોષ અને તેના સચોટ ઉપાયો

વૈદિક જ્યોતિષશાસ્ત્ર અનુસાર ગ્રહો અને નક્ષત્રોની સ્થિતિ, ફેરફાર થવાથી કેટલાય પ્રકારના શુભ અને અશુભ યોગોનું નિર્માણ થાય છે. પરંતુ તેમાંથી સૌથી ક્રૂર ગ્રહની વાત કરીએ તો તે 'શનિ' કહેવાય છે. કારણ કે 'શનિની મહાદશા' કે 'પનોતી' આવવાથી વ્યક્તિના જીવનમાં કેટલાયે પ્રકારની સમસ્યાઓ ઊભી થાય છે. તેની સાથે જ પાપ ગ્રહ 'રાહુ-કેતુ' પણ જીવન પર ખરાબ અસર પાડે છે. એવામાં જયારે રાહુ અને શનિ ગ્રહ એક સાથે હોય તો તેના પ્રભાવથી ત્યારે તેની આખી જિંદગી વેરણ-છેરણ થઇ જાય છે!

**શાપિત દોષ વિશે બધું જ જાણો**

વૈદિક જ્યોતિષ શાસ્ત્ર અનુસાર શાપિત દોષ કુંડળીમાં તમારા પાછલા જન્મમાં કરેલાં ખોટાં કાર્યોના કારણે થાય છે. એવામાં જો કોઇ જાતક સમય રહેતા શાપિત દોષના નકારાત્મક પ્રભાવોને ઓછો કરવાનો ઉપાય નથી કરતો તો તે તેને સૂવાનું બેસવાનું ખાવા સુધી મુશ્કેલ બની જાય છે.

જ્યોતિષ શાસ્ત્ર અનુસાર જયારે કુંડળીમાં રાહુ અને શનિ ગ્રહ-કુંડળીમાં પહેલા, ચોથા, સાતમા, આઠમા અને બારમા ઘરમાં યુતિ કરે છે ત્યારે શાપિત દોષ બને છે.આવામાં વ્યક્તિ પર ખરાબ પ્રભાવ પડે છે.

**શાપિત દોષનો પ્રભાવ**

જો કોઇ જાતકની કુંડળીમાં શાપિત દોષ હોય, તો તેને હંમેશાં આર્થિક સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

શાપિત દોષ થવાથી બિઝનેસમાં સતત નુકસાન




જ થાય છે અને ક્યારેય પણ પ્રગતિ થતી નથી.

**યંત્ર-મંત્ર-તંત્ર**

**યજ્ઞેશ ત્રિવેદી**

શાપિત દોષ જો કોઈની કુંડળીમાં હોય તો તે પોતે જ બીમાર રહે છે અથવા ઘરના કોઇ ને કોઇ સભ્ય બીમાર રહે છે.

લગ્નજીવનમાં કલેશ, કકળાટ, ઝઘડો જ કાયમ રહે છે અને ક્યારેય સુખ મળતું નથી. કેટલીક વાર તો સંબંધો પણ ખરાબ થવાની નોબત આવી જાય છે!




> જયોતિષ શાસ્ત્રમાં 'શાપિત દોષ' જયારે કુંડળીમાં કોઇ પણ ભાવમાં શનિ અને રાહુ એક સાથે બેઠા હોય ત્યારે બને છે. જેનાથી પાછલા જન્મના પાપો કે શાપનું ફળ મળે છે. શનિ અને રાહુની યુતિ કે દૃષ્ટિ-સંબંધથી શાપિત દોષથી લગ્નજીવનમાં કલેશ, વેપારમાં નુકસાન, સંતાનસુખમાં ઘટાડો અને કાયમી માનસિક અશાંતિ જેવી ગંભીર સમસ્યાઓ ઊભી થાય છે. શનિ-રાહુના પ્રભાવથી તમારું આખું જીવન વેરણ-છેરણ કરી નાખે છે, તેથી તેમાંથી બચવાના પણ કેટલાક ઉપાયો છે!

શાપિત દોષ થવાના કારણે જાતક સંતાનસુખથી વંચિત રહી જાય છે.

શાપિત દોષ કુંડળીમાં હોવાના કારણે મિત્રોથી વધારે દુશ્મન બને છે. એવામાં કોર્ટ-કચેરીના વધારે ચક્કર મારવા પડે છે.

કુંડળીમાં શાપિત દોષ હોવાના કારણે ભણવા, લખવા પર ખરાબ પ્રભાવ પડે છે.

જો કોઇ જાતકની કુંડળીમાં શાપિત દોષ હોય, તો બીજા શુભ દોષ પણ નબળા પડી જાય છે, જેના કારણે શુભ ફળોની પ્રાપ્તિ થતી નથી.

શાપિત દોષના નકારાત્મક પ્રભાવને ઓછો કરવાનો ઉપાય

જો તમારી કુંડળીમાં શાપિત દોષ હોય, તો મંગળવાર અને શનિવારના દિવસે મૌન વ્રત રાખવું. તેની સાથે સાથે ચોખા બાફીને તેમાં ઘી મેળવીને ગાય, માછલી અને કાગડાને ખવડાવવા.

કુંડળીમાં રાહુ અને શનિ ગ્રહને શાંત કરવાથી શાપિત દોષમાંથી છુટકારો મેળવી શકાય છે. તેના માટે તમે રત્નને ધારણ કરી શકો છો.

રોજ શિવમંદિરમાં જવું અને પાણીમાં થોડુંક દૂધ અને હળદર ભેળવીને શિવલિંગમાં અર્પણ કરવું.

શનિવારના દિવસે શનિદેવની પૂજા કરવી. તેની સાથે સરસવના તેલનો દીવો પ્રગટાવવો. તેની સાથે જ તલ, અડદ, સરસવનું તેલ વગેરેનું દાન કરવું.

શનિવાર અને મંગળવારના દિવસે જરૂરિયાત અને ગરીબ લોકોને અન્ન, કપડાં વગેરેનું દાન કરવું.

શનિવારના દિવસે રાહુ અને શનિ દેવના અડદની દાળ અર્પણ કરવી. આમ કરવાથી શાપિત દોષનો ખરાબ પ્રભાવ દૂર થઇ જશે.

શનિવારના દિવસે ભગવાન શનિની સાથે હનુમાનજીની પૂજા કરવી લાભકારક સિદ્ધ થઇ શકે છે. તેના માટે તમારે ઘરમાં પાનનાં બીડાંમાં અમુક વસ્તુઓ મૂકીને મારુતિ યજ્ઞ કરવાથી તમારા જીવનમાં ચમત્કારિક ફાયદો જોવા મળશે. આ યજ્ઞમાં હનુમાનજીનો 'વડવાનલ સ્તોત્ર'નો પાઠ હવન પણ થાય છે. તેથી તેનું ઝડપથી રિઝલ્ટ જોવા મળે છે.

**મોટા ભાગે પૂછાતો પ્રશ્નઃ**

**શાપિત દોષ ખરેખર છે શું?**

જયારે કુંડળીમાં શનિ અને રાહુ ગ્રહ એક જ ઘરમાં અથવા રાહુની દષ્ટિ શનિ ઉપર કે શનિની દષ્ટિ રાહુ ઉપર પડવાથી આ દષ્ટિ સંબંધથી પણ જાતકની કુંડળીમાં શાપિત દોષ લાગે છે. ગત જન્મના તમારા ખરાબ કે ખોટાં કર્મો ભોગવવા માટે આ જન્મમાં આ દોષ રચાય છે. પણ તેમાંથી છુટકારો મેળવવાના ઘણા રસ્તા છે.

**શાપિત દોષનો પ્રભાવ કેટલા સમય સુધી રહે છે?**

શાપિત દોષનો પ્રભાવ પાછલા જન્મનાં ખોટાં કર્મોના હિસાબે થાય છે. આવામાં તમે પાછલા જન્મમાં જેટલાં પણ ખોટાં કામ કર્યાં હશે તે અનુસાર ફળ



મળશે.

કુંડલીમાં શાપિત દોષ હોવાથી જાતક હંમેશા આર્થિક, માનસિક, શારીરિક, પારિવારિક અને માનસિક સમસ્યાઓથી ઘેરાયેલો રહે છે.

આ દોષમાંથી ઝડપથી મુકત થવા માટે તમારે ઝડપથી શાપિત દોષ નિવારણ વિધિ સાચા જાણકાર પાસે કરાવી લેવી જોઈએ. જાણકારી વગરના મહારાજો પાસે વિધિ કરવાથી જીવનમાં તમોને કોઈ ફેર પડશે નહીં અને મહેનતના તમારા રૂપિયા પડી જશે એ જુદા. 'નાના નાના ઉપાયો કરવા તેના કરતાં મોટો ઉપાય કરી લેવો સારો.




ગરુડ પુરાણમાં જીવન, મૃત્યુ અને પુનર્જન્મ સાથે જોડાયેલાં કેટલાંક રહસ્યોનું વર્ણન મળે છે. હિંદુ ધર્મમાં જીવન અને મૃત્યુને એક નિરંતર ચક્ર માનવામાં આવે છે. જ્યાં 'આત્મા' એક શરીર છોડીને બીજા શરીરમાં પ્રવેશ કરે છે. આ ગૂઢ વિષયને સમજાવવા માટે ગરુડ પુરાણને ઘણો જ મહત્ત્વપૂર્ણ ગ્રંથ માનવામાં આવે છે.

ગરુડ પુરાણમાં જણાવ્યું છે કે, મનુષ્યનાં કર્મ જ તેનો બીજો જન્મ અને મળતી સજા નક્કી કરે છે. તેમાં એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, બીજો જન્મ અચાનક નથી મળતો. મૃત્યુ બાદ આત્માને તેનાં કર્મો અનુસાર જ ફળ મળે છે.

મૃત્યુ પહેલાં જ બીજો જન્મ નક્કી થઈ જાય છે

ગરુડ પુરાણમાં ભગવાન વિષ્ણુ અને ગરુડજીના સંવાદથી એ સ્પષ્ટ ખબર પડે છે કે, મનુષ્યનો બીજો જન્મ મૃત્યુ પછી અચાનક નક્કી થતો નથી. પરંતુ તે મનુષ્યનાં જીવનભર કર્મ અને અંતિમ સમયના વિચારો મળીને પહેલેથી જ નક્કી કરવામાં આવે છે કે, તેને કઈ યોનિમાં જન્મ મળશે અને ક્યા પ્રકારનું જીવન મળશે.

**ધર્મનું અપમાન કરનારાઓને સજા**

આ ગ્રંથમાં જણાવ્યું છે કે, જે લોકો ધર્મ, વેદ અને ભગવાનની મજાક ઉડાવે છે કે સંપૂર્ણ રીતે ભોગ વિલાસમાં ડૂબેલાં રહે છે તેમને મૃત્યુ બાદ સખત કડક દંડ મળે છે. આવાં લોકોને બીજા જન્મમાં કૂતરાની યોનિ મળવાની વાત કહી છે જ્યાં તેને અપમાન અને અભાવભરેલું જીવન જીવવું પડે છે.

**કાળચક્ર**

**યજ્ઞાનંદ**

**મિત્ર સાથે છેતરપિંડી કરનારાઓને દંડ**

ગરુડ પુરાણમાં મિત્રતાને ઘણો પવિત્ર સંબંધ માનવામાં આવ્યો છે. પરંતુ જે લોકો પોતાના સ્વાર્થ માટે મિત્રો સાથે વિશ્વાસઘાત કરે છે તેમના માટે કડક સજા બતાવવામાં આવી છે. આવી વ્યક્તિને બીજા જન્મમમાં ગિધની યોનિ મળે છે!

> મૃત્યુ પહેલાં જ તમારો બીજો જન્મ નક્કી થઈ જાય છે

જે બીજાના અવશેષો પર નિર્ભર રહે છે અને તે તેની લાલચ અને વિશ્વાસઘાતનું પ્રતીક છે.

**બીજાને છેતરવાની સજા**

જે લોકો જૂઠું બોલીને, ધોખો આપીને કે ચાલાકીથી બીજાને નુકસાન કરે છે તેમને પણ પોતાનાં કર્મોનું ફળ ભોગવવું પડે છે.

ગરુડ પુરાણ અનુસાર આવાં લોકોને બીજા જન્મમાં ઘુવડની યોનિ મળે છે જેને અજ્ઞાન અને ભ્રમનું પ્રતીક માનવામાં આવે છે.

**મૃત્યુના અંતિમ સમયના વિચારની અસર**

આ ગ્રંથમાં એ પણ દર્શાવ્યું છે કે, મનુષ્યના જીવનનો છેલ્લો સમય ઘણો જ મહત્ત્વનો હોય છે. જો મૃત્યુના સમયે મન-શાંત-તેમ જ ઈશ્વરમાં લાગેલું હોય તો સારો જન્મ મળે છે... પરંતુ એ જ લાલચ, ક્રોધ કે નકારાત્મક વિચારની સાથે મૃત્યુ થવાથી આત્માને નીચલી યોનિમાં જવું પડે છે!

**84 લાખ યોનિઓનું રહસ્ય**

ગરુડ પુરાણમાં એ પણ જણાવ્યું કે, આત્માને શરીર છોડયા બાદ પોતાનાં કર્મોનો પૂરેપૂરો હિસાબ આપવો પડે છે. ગરુડ પુરાણમાં 84 લાખ યોનિઓની જાણકારી મળે છે, જેમાં મનુષ્યજીવન સૌથી શ્રેષ્ઠ માનવામાં આવે છે. સારાં કર્મ કરવાથી આત્માને ઉચ્ચ જન્મ મળે છે. જ્યારે ખરાબ કર્મ કરનારાંઓને નીચલા સ્તરના જીવનમાં જવું પડે છે!

જિંદગી સારી બનાવવા પણ ગરુડ પુરાણમાં કેટલાયે રાઝ બતાવ્યા છે

ગરુડ પુરાણને ફક્ત મૃત્યુ અને પરલોકથી જોડીને આપણે જોઈએ છીએ પરંતુ તેમાં જીવનને ઘણું સારું બનાવવા માટે પણ કેટલાંક ઊંડાં રહસ્ય પણ છુપાયેલાં છે.

ગરુડ પુરાણ હિંદુ ધર્મના મુખ્ય ગ્રંથોમાંથી એક છે, જેમાં પાપ-પુણ્ય, સ્વર્ગ-નરકની સાથે જીવન જીવવાની સાચી દિશા પણ જણાવી છે. તેમાં ભગવાન વિષ્ણુની ભક્તિ, નીતિ અને ધર્મથી જોડાયેલી કેટલીક મહત્ત્વપૂર્ણ બાબતો સામેલ છે, જે વ્યક્તિને સાચો રસ્તો દેખાડવાની સાથે-સાથે વ્યવહાર, સ્વાસ્થ્ય (આરોગ્ય) અને સફળતા સાથે સંકળાયેલી મહત્ત્વપૂર્ણ શિખામણ છે.

**સંયમ અને સતર્કતા જરૂરી**

જીવનમાં દરેક વ્યક્તિના મિત્ર અને શત્રુ બંને હોય છે. એટલા માટે વ્યક્તિએ હંમેશા સતર્ક અને સમજદારીથી કામ લેવું જરૂરી છે.

- દરેક વ્યક્તિ પર આંખ બંધ કરીને ભરોસો ના કરવો.
- પરિસ્થિતિ અનુસાર પોતાની રણનીતિ બદલવી જોઈએ.
- ચતુરાઈથી પણ મુશ્કેલ લોકોને કુનેહપૂર્વક સમજાવી શકાય છે.

**સાફ-સ્વચ્છ રહેવું**

ગરુડ પુરાણ અનુસાર સાફ અને સુગંધિત કપડાં પહેરવાં તે સૌભાગ્યને આકર્ષિત કરે છે.
- ગંદાં કપડાં દરિદ્રતાને વધારે છે.
- સાફ-સફાઈથી સકારાત્મક ઊર્જા આવે છે
- તેનાથી લક્ષ્મીજીની કૃપા જળવાઈ રહે છે.

અભ્યાસથી જ્ઞાન વધે છે

જ્ઞાન વધારવા માટે સતત અભ્યાસ જરૂરી છે
- અભ્યાસ વગર વિદ્યા ધીરે-ધીરે પૂરી થઈ જાય છે.
- નિયમિત દોહરાવાથી યાદશક્તિ મજબૂત થાય છે.
- મહેનતથી જ વ્યક્તિ નિપુણ થાય છે.

સંતુલિત ભોજન રાખવું

સ્વસ્થ શરીર જ સફળતાની ચાવી છે.
-સુપાચ્ય અને સંતુલિત ભોજન કરવું.
-ખોટા ખાન-પાનથી બીમારીઓ વધે છે.
- સારું પાચન જ સારા આરોગ્યની ચાવી છે.

એકાદશી/અગિયારસ વ્રત/ઉપવાસનું મહત્ત્વ

એકાદશી વ્રતને ઘણું જ શુભ માનવામાં આવે છે.
-નિયમપૂર્વક વ્રત રાખવાથી માનસિક શાંતિ મળે છે.
- ફળાહાર અને સંયમ જરૂરી છે.
- તેનાથી નકારાત્મક પ્રભાવ ઓછો થાય છે.

**તુલસીનું મહત્ત્વ સમજવું**

તુલસીને ઘરમાં રાખવી અને તેની સેવા કરવી ઘણી જ લાભકારક માનવામાં આવે છે.
- તે આરોગ્ય અને વાતાવરણ બંને માટે સારી છે.
- નિયમિત પૂજનથી સકારાત્મકતા વધે છે.
- માનસિક અને શારીરિક સંતુલન જાળવી રાખવા મદદ કરે છે.

**ધર્મ અને મંદિરનું સન્માન કરવું**

- કોઈ પણ ધર્મ કે દેવી-દેવતાનું અપમાન ના કરવું. સારાં લોકો સાથે ધોખો કરવામાંથી બચવું. ધાર્મિક મૂલ્યોનું પાલન-જીવનને સાચી દિશા બતાવે છે.

છોકરા-છોકરીઓની ઉંમર વધતી જાય છે... અને લગ્ન સંબંધ થતા નથી તો તે સમસ્યાનો સચોટ ઉપાય શું

# ગૃહ-કલેશમાંથી છુટકારો મેળવવા માટે રામબાણ સમાધાન



આજના યુગમાં લગ્ન સંબંધ કરવો સહેલો છે અને એટલો અઘરો છે. જીવનમાં પસંદગીનું પાત્ર ના મળે તો છોકરા-છોકરીઓ પ્રેમલગ્ન કરવા તરફ વળે છે. પરંતુ પ્રેમ-લગ્ન કરી દો તો પણ તે તમારાં માતા-પિતાને માટે સારું નથી. કારણ કે આ પ્રેમલગ્ન થયાં એ સંતાન પણ વર્ણસંકર જન્મવાનું તેથી તમારા માટે પણ તે લાભદાયક નથી. નુકસાનકારક છે, કારણ કે તમારા મૃત્યુ બાદ અંતિમ વિધિ ગમે એટલી કરે તો પણ તેનાથી તમને સદ્ગતિ કે મોક્ષ કે છુટકારો મળતો નથી અને તમારો આત્મા ભટક્યા કરે છે. તેથી ધ્યાન રાખવું કે બને ત્યાં સુધી જ્ઞાતિમાં જ લગ્ન કરવાનો આગ્રહ રાખવો. આપણા ઋષિ-મુનિઓ તેમજ શાસ્ત્રો આ માટે ઘણા ઉપાયો બતાવી ગયા છે જે અનુસરવાથી સો ટકા સફળતા મળે છે.

છોકરા-છોકરીઓની ઉંમરનું ચક્ર ચાલતું હોવાથી હવે આજકાલ તેઓ પરણવાની જ ના પાડે છે. પરંતુ આ કોઈ સાચો નિર્ણય નથી. તમને મા-બાપે જન્મ આપીને વંશ વધાર્યો છે, તો તમારી ફરજ બને છે કે તમારે પણ લગ્ન નથી કરવાં એવો નિર્ણય લેશો તો તમારા કુટુંબમાં આગળ જતાં વંશવૃધ્ધિ નામે શૂન્ય થઇ જશે. તેથી તમારો નિર્ણય આગળ જતાં ખોટો પડશે અને ભવિષ્યમાં પસ્તાવાનો વારો આવશે. ત્યારે ઘણું મોડું થઇ ગયું હોય છે.

**સમસ્યા અને સમાધાન**

**વાય.જે.ટી.**

મનુષ્યની પ્રકૃતિ રહી છે કે તે એકલો રહી શકતો નથી.... કોઇને કોઇનો સાથ ઈચ્છે છે. યુવાન અવસ્થામાં જ તેને એક શકે! વિવાહ-લગ્નનો એક સમય હોય છે. તે ચઢતી ઉંમરમાં થયેલું લગ્ન જ લગ્નજીવનને રસ-ગંધમય બનાવીને પ્રફુલ્લિત કરે છે. સમય પર લગ્ન ના થવાથી છોકરા-છોકરીઓ વિભિન્ન માનસિક તથા શારીરિક રોગોથી અકળાયેલાં જોવા મળે છે.... સાથે જ તેમનાં અભિભાવક (માતા-પિતા કે અન્ય વડીલો) પણ માનસિક અશાંતિથી ત્રસ્ત રહે છે. જો તમે પણ અથવા તમારા પરિવારમાં કોઇ પણ વધારે ઉંમર થઇ ગઇ હોવા છતાં લગ્ન ના થવાથી પરેશાન રહેતા હોય તો લગ્ન નડતર નિવારણ શીઘ્ર લગ્ન ક્વચ એવી સમસ્યાના નિદાન માટે મદદરૂપ થઇ શકે છે. આવા જ યુવાનો માટે વિશેષ રીતે આ વિવાહ નડતર ક્વચ નિર્માણ કરવામાં આવે છે. જેને ગળામાં ધારણ કરવાથી શીઘ્ર/જલ્દી તમારા લગ્ન આડે આવતું કોઇ પણ નડતર, અવરોધ, વિઘ્ન આપોઆપ દૂર થઇ જશે અને તમારું લગ્ન થઇ જશે.

> માતા-પિતાનાં જ્યારે મૃત્યુ થાય ત્યારે પ્રેમલગ્ન કરેલાં યુગલે કરેલી અંતિમ ક્રિયા કેમ ફેલ જાય છે, આજકાલ છોકરા- છોકરીઓ જ લગ્ન કરવાની ના પાડે છે

**- ગૃહકલેશ નિવારણ ક્વચ**

આજના આ યુગનો અર્થ વિષમતાનો યુગ કહેવાય છે. ધનની આવશ્યકતા સર્વોપરિ છે. આવક ઓછી હોય છે અને ખર્ચ વધારે રહેતો હોય છે..... ભૌતિકતાની ઈચ્છા... ઐશ્વર્ય ભોગવવાની ઈચ્છા.... ભણેલાં-ગણેલાં હોવા છતાં પણ બેકાર રહેવાના કારણે પણ ઘર-ગૃહસ્થીમાં કલેશનું વાતાવરણ રહે છે. સામાન્ય રીતે મોટા ભાગે વ્યક્તિ તણાવગ્રસ્ત રહે છે. કલેશ થવાનાં કેટલાંક અન્ય કારણો પણ હોવા સંભવ છે..... ભોગમાં અસંતુષ્ટી.... વધારે સંતાન થવું.... એકબીજાનો પરસ્પર મતભેદ સંતાન ના થતાં હોય... કુટુંબનો અ-સહયોગ વગેરે અનેક કારણોથી ગૃહકલેશ થતો જોવા મળે છે. દરેક સંભવ-અસંભવ ઉપાય કરવા છતાં પણ વ્યક્તિ ગૃહ-કલેશમાંથી છુટકારો મેળવી શકતો નથી! સતત પ્રયાસ કરવા છતાં પણ અંતર વધતું જતું હોય છે. મેળવવા માટે 'ગૃહ-કલેશ' નિવારણ કવચનું નિર્માણ કરવામાં આવે છે, જેને ધારણ કરીને પોતાના ઘર-પરિવારમાં સુખ-શાંતિનો અનુભવ કરશો.